## પાલનપુરમાં ફ્રિજમાંથી પાણી લેવા ગયેલા યુવકનું કરંટ લાગતાં મોત

સુરત : પાલનપુર જકાતનાકા ખાતે રહેતા અને ભંગારની લારી ચલાવતો યુવક ઘરના ફ્રીજમાંથી પાણી લેતી વખતે કરંટ લાગતા મોતને ભેટ્યો હતો. પાલનપુર જકાતનાકા ખાતે આવેલી નવસર્જન સ્કૂલની બાજુમાં રહેતા 32 વર્ષીય રસિકભાઈ બચુભાઈ દેવીપૂજક ભંગારની લારી ચલાવતા હતા. તેમને સંતાનમાં 2 પુત્રી અને 1 પુત્ર છે. મંગળવારે રસિકભાઈ ઘરના ફ્રિજમાં પાણી લેવા માટે ગયા હતા. દરમિયાન તેમને એકાએક કરંટ લાગ્યો હતો. જેથી તેમને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વધુ તપાસ રાંદેર પોલીસ કરી રહી છે.

## ડિંડોલીમાં સાડીના દુકાનદારનો ફાંસો ખાઈ આપઘાત

સુરત : ડિંડોલી ખાતે રહેતા સાડીના દુકાનદારે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દુકાનદારે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે.મહારાષ્ટ્ર અમરાવતીના વતની અને હાલમાં ડિંડોલી વિસ્તારમાં આવેલી માનસી રેસીડેન્સીમાં રહેતા 45 વર્ષીય હેમંત સદાશિવમ ટાંકે સાડીની દુકાન ધરાવતા હતા. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સોમવારે સાંજે હેમંતભાઈએ ઘરે છતમાં લગાવેલા લોખંડના હુંક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હેમંતભાઈએ કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

## ભટારમાં સગાઈ નહીં થતાં યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

સુરત : ભટાર ખાતે રહેતી યુવતીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. યુવતીએ સગાઈ થતી નહીં હોવાના ટેન્શનમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે. મહેસાણા જિલ્લાના ઊંઝાના વતની અને હાલમાં ભટાર બ્રેડ લાઈનર સર્કલ નજીક આવેલા વસંત વિહાર રો-હાઉસમાં રહેતા મહેશભાઈ પટેલ કેબલ વાયરનો વ્યવસાય કરે છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હતી. સોહમબેને મંગળવારે સવારે ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સોહમબેનની સગાઈ થતી નહીં હોવાના ટેન્શનમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ખટોદરા પોલીસ કરી રહી છે.

## માતા-પિતા સાથે રહેતાં નહીં હોવાથી ધોરણ-9 ની વિદ્યાર્થિનીનો આપઘાત

સુરત : ડિંડોલી ખાતે રહેતી અને ધોરણ 9 માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તરૂણીએ માતા-પિતા સાથે રહેતા નહીં હોવાથી ટેન્શનમાં પગલું ભર્યું હોવાની શક્યતા છે. મહારાષ્ટ્રના વતની હાલમાં ડિંડોલી નવાગામ ખાતે આવેલી ગાયત્રી નગર સોસાયટી વિભાગ-1 માં રહેતી 14 વર્ષીય દિવ્યા વિજય પાટીલ નાના-નાની સાથે રહેતી હતી. દિવ્યા ઘર નજીક આવેલી સરકારી સ્કૂલમાં ધોરણ -9 માં અભ્યાસ કરતી હતી. સોમવારે સાંજે દિવ્યાએ ઘરે છતમાં લગાવેલા લોખંડના હુંક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દિવ્યાના માતા-પિતા સાથે રહેતા નહીં હોવાથી ટેન્શનમાં પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

**દેવદિવાળી સુધીના વેકેશનની સુસ્તી ઊડી, બજારમાં ગ્રાહકો ઉભરાવા લાગ્યાં**

# કાપડ બજારમાં લગ્નસરાની ખરીદી શરૂ, રોનક ફરી જામી

**રિંગરોડ,** સારોલી વિસ્તારોના માર્કેટોમાં ખરીદીએ જોર પકડ્યું, વાહનોની અવરજવર વધતા ટ્રાફિકજામનાં દૃશ્યો સામાન્ય બન્યાં




સુરતઃ દિવાળીના વેકેશનની પૂર્ણાહૂતિ સાથે જ સુરતના કાપડ બજારમાં ફરી એક વખત રોનક છવાઈ ગઈ છે. એક પખવાડિયા સુધી વેકેશનના માહોલ બાદ શહેરના રિંગરોડ અને સારોલી રોડ વિસ્તારના ટેક્સટાઈલ માર્કેટોમાં ગ્રાહકોની ચહલપહલ વધતા વેપારીઓમાં ઉત્સાહ છવાયો છે. ખાસ કરીને તુલસી વિવાહ બાદ લગ્નસરાની ખરીદી શરૂ થતાં કાપડ બજારોમાં જીવંત માહોલ સર્જાયો છે.

દિવાળીના તહેવારો પછી વેપાર ધીમો પડ્યો હતો, પરંતુ હવે મોટાભાગના વેપારીઓ, કર્મચારીઓ અને કારીગરો વતનથી પરત ફરતા બજારો ફરી ગતિમાન બન્યા છે. રિંગરોડ પર સહારા દરવાજાથી ઉધના દરવાજા સુધીના ટેક્સટાઈલ માર્કેટોમાં યાર્ન અને કાપડનાં ટેમ્પોની અવરજવર શરૂ થતાં વાહનોના ધમધમાટ વચ્ચે ટ્રાફિકજામના દશ્યો સામાન્ય બન્યા છે. વેપારીઓ જણાવે છે કે લગ્નસરાની સિઝન શરૂ થતાં ગ્રાહકો ખાસ કરીને સાડી, ડ્રેસ મટિરિયલ અને ગૃહઉપયોગી કાપડની ખરીદીમાં રસ બતાવી રહ્યા છે, જેના કારણે બજારમાં વેચાણમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

ટેક્સટાઈલ વેપારીઓએ જણાવ્યું કે દિવાળી બાદ હંમેશા તુલસી વિવાહથી ખરીદીની સીઝન શરૂ થાય છે અને એ જ રીતે આ વર્ષે પણ ધીરે ધીરે માંગમાં વધારો થવા લાગ્યો છે. રિંગરોડની આસપાસની ગલીઓમાં ટેમ્પો અને વાહનોની અવરજવર વધતાં ફરી એક વખત બજાર વિસ્તાર ધમધમતો જોવા મળી રહ્યો છે.

દિવાળીની રજાઓ પછી સુરતના વેપાર જગતમાં ફરીથી ઉર્જા અને ઉત્સાહનો સંચાર થતો જોવા મળી રહ્યો છે, જ્યારે શહેરનાં મુખ્ય માર્કેટોમાં ટ્રાફિકનું દબાણ વધતાં પોલીસ વિભાગે પણ વાહન વ્યવસ્થા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

**આ છે આપણું સ્માર્ટ સિટી?, લિંબાયતમાં નહેરમાં ગંદકી**



■ સ્માર્ટ સિટીનો આપણે દાવો ભલે કરતા હોઈએ, પરંતુ વાસ્તવિકતા સાથે આ શબ્દ જરાય બંધબેસતો નથી. શહેરના લિંબાયત વિસ્તારના સંજયનગરમાં આવેલી નહેરમાં પ્લાસ્ટિકનો કચરો જોતાં કોઈ કહી શકે ખરું કે આપણે સ્વચ્છતામાં નંબર વન છીએ. **(તસવીરઃ સતીષ જાદવ)**

## ડિંડોલીમાં બે યુવક પર જીવલેણ હુમલાના કેસમાં એકની ધરપકડ

**હુમલાનાં** સીસીટીવી ફૂટેજ વાઈરલ થતાં ચકચાર, કેટલાક હુમલાખોરોએ માસ્ક પહેર્યા હોવાથી ઓળખ હજુ બાકી

સુરતઃ ડીંડોલી વિસ્તારમાં અંગત અદાવતમાં બે યુવાન પર થયેલા જીવલેણ હુમલાના CCTV ફૂટેજ સામે આવતા ચકચાર મચી ગઈ છે.

ડીંડોલી ગાયત્રીનગર-૨ ખાતે 'ચાઈ પોઈન્ટ' દુકાન પાસે 2 નવેમ્બરની રાત્રે ડીંડોલી પ્રિયંકા ટાઉનશીપ-૨માં રહેતા 23 વર્ષીય જયેશ વિજયભાઈ પાટીલ અને તેના મિત્ર પર 4થી 5 શખ્સે હત્યાના ઈરાદે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ કોઈનો ખૌફ રાખ્યા વિના દુકાનની બહાર જ જયેશને જમીન પર પાડી લાત-ઘુસા અને લાકડી વડે બેરહેમીપૂર્વક માર માર્યો હતો. આખી ઘટના નજીકના CCTV કેમેરામાં સ્પષ્ટ રીતે કેદ થઈ ગઈ છે. ઈજાગ્રસ્ત જયેશ ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરે છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે આ હુમલો જૂની અદાવતને કારણે થયો હતો. પોલીસે ઈજાગ્રસ્તના નિવેદન અને CCTV ફૂટેજના આધારે સાગર મિશ્રા (રહે, ખોડીયાર નગર, ડીંડોલી), તન્મય, પ્રભુ તથા વિવેક રાજપુત સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસે વિવેક રાજુભાઈ સિંહ (રહે, ન્યુ પ્રિયંકા ટાઉનશીપ, ડીંડોલી બસ સ્ટેન્ડ પાસે)ને ઝડપી લીધો છે.

## માથામાં ઈંટના 10 ઘા ઝીંકી પ્લમ્બરની હત્યા કરી દેવાઈ

**દાહોદના** રાજુ સંગાડા બડેખાં ચકલામાં પરિવાર સાથે રહેતો હતો, પરિવાર વતન ગયો હતો

**લોહીલુહાણ** હાલતમાં લાશ મળી, સીસીટીવીના આધારે પોલીસની તપાસ

સુરતઃ બડેખાં ચકલા વિસ્તારમાં એક પતરાના શેડવાળી રૂમમાં લોહીલુહાણ હાલતમાં પ્લમ્બરની સિમેન્ટના ટુકડા ઈંટ વડે પ્લમ્બરની હત્યા કરેલી લાશ મળી આવી હતી.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનો મૂળ વતની અને હાલ પર્વત પાટીયા નજીક બોમ્બે આવાસમાં રહેતા અર્જુનભાઈ કલજીભાઈ સંગાડા સુરત મહાનગરપાલિકામાં વરાછા (બી) ઝોનમાં કામદાર તરીકે ફરજ બજાવે છે. તેમના ભત્રીજા રાજુભાઈ વજેસીંગભાઈ સંગાડા (ઉ.વ.45) બડેખાં ચકલા વિસ્તારમાં ઢીંગલી ફળીયામાં સાગર સેલૂન પાસે ગોસીયા બેકરી સામે કાલુભાઈ ડભોયાની બિલ્ડિંગના ચોથા માળે પતરાના શેડમાં રહેતા હતા. રાજુભાઈ નાનાભાઈ અમિત, તેની પત્ની ટીના અને દીકરી સાથે રહેતા હતા. હાલમાં અમિત અને તેની પત્ની દિવાળીમાં વતન જતાં રાજુભાઈ રૂમમાં એકલા હતા.

૩જી નવેમ્બર ૨૦૨૫ના રોજ બપોરે અર્જુનભાઈને વતનથી ફોન આવ્યો કે "તમારા શેઠ કાલુભાઈએ જણાવ્યું છે કે રાજુ લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં પડેલો છે." અર્જુનભાઈ તથા તેમના સાસરી પક્ષના ભત્રીજા રાહુલ આમલીયાર ત્યાં પહોંચતાં તો તેઓએ જોયું કે જમીન પર લોહીના ડાઘા હતા અને વોશરૂમ પાસે રાજુભાઈ લોહીલુહાણ હાલતમાં મૃત પડેલા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી મળેલા PM રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે રાજુની હત્યા કરવામાં આવી છે. અઠવાલાઈન્સ પોલીસે અર્જુનભાઈની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસી પૂછપરછ કરીને આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## 'મારું પર્સ ગુમ થયું છે' કહી ઝપાઝપી કરી 40 હજાર કાઢી લીધા

**ગેસના** બાટલાની સપ્લાયનું કામ કરતો સંતોષ તા.23મીએ આશાપુરી વિસ્તારમાં જતો હતો ત્યારે રિક્ષામાં મહિલા અને પુરુષ પાછળથી આવ્યાં હતાં

સુરતઃ ઉધના વિસ્તારમાં ગેસ બાટલા સપ્લાયનું કામ કરતા એક વ્યક્તિ સાથે અજાણી મહિલાએ વાતચીતના બહાને ઝપાઝપી કરી અને રિક્ષાચાલક સાથીની મદદથી તેની પાસેથી રોકડા 40 હજાર રૂપિયા લૂંટી ભાગી ગયાની ઘટના CCTVમાં કેદ થઈ ગઈ છે. પોલીસે ગણતરીના કલાકોમાં રિક્ષાચાલકને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના પિયુષ પોઈન્ટ નજીક ચીકુવાડી રો હાઉસમાં રહેતા 53 વર્ષીય સંતોષ દગડુ મરાઠે ગેસના બાટલાની સપ્લાયનું કામ કરે છે. તા. 23 ઓક્ટોબર 2025ના રોજ સંતોષ આશાપુરી વિસ્તારમાં બાટલાની ઉઘરાણી માટે જઈ રહ્યા હતા. તેમના ખિસ્સામાં ચાર મહિનાની મહેનતથી એકઠા કરેલા રોકડા રૂ. 40,000 રાખેલા હતા.ત્યારે તેમની પાછળ આવતી રિક્ષામાં એક અજાણી મહિલા અને પુરુષે સંતોષના ખિસ્સામાંના પૈસા જોયા હતા.

થોડા સમય બાદ બંને વ્યક્તિઓ સંતોષની નજીક આવી મહિલાએ કહ્યું કે "મારું પર્સ ગુમ થઈ ગયું છે, તમે લીધું છે, પર્સ પાછું આપો તો 200 રૂપિયા આપી દઈશ." સંતોષએ કહ્યું કે તેણે કોઈ પર્સ લીધું નથી અને ત્યાંથી ચાલતો રહ્યો. બપોરે આશરે 2થી 2:30 વાગ્યાની વચ્ચે સંતોષ સાઈનાથ મંડપ, સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉધના પાસે પહોંચતા, તે રિક્ષામાં બેઠેલા એ જ મહિલા અને પુરુષ તેમની પાછળ આવ્યા હતા. સંતોષ ગોડાઉનમાં પ્રવેશ્યો ત્યારે બંને વ્યક્તિઓ પણ ત્યાં પહોંચી ગયા અને તેને ખેંચીને બહાર કાઢી ઝપાઝપી કરી તેના ખિસ્સામાંથી 40 હજાર રોકડા રૂપિયા બળજબરીથી લૂંટી લીધા હતા. ગોડાઉનમાં કામ કરતા કર્મચારીઓએ વચ્ચે પડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે પહેલાં જ બંને આરોપીઓ રિક્ષામાં બેસી ભાગી છૂટ્યા. સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ.

સંતોષએ તરત જ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસએ ટેક્નિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં રિક્ષાચાલક હુસેન ભીકન શેખ (ઉંમર 22, રહે,ભાકર મહોલ્લો, માન દરવાજા ઝૂંપડપટ્ટી)ને ઝડપી પાડી લીધો છે.મહિલા સહઆરોપીની શોધખોળ પોલીસ દ્વારા ચાલુ છે. ઉધના પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ઘટનાની પાછળ કોઈ ગેંગ સંડોવાયેલી છે કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

### આ રીતે મહિલા સાથે રાખી પેસેન્જરોને બ્લેકમેઇલ કરાય છે

લૂંટ ચલાવનાર આખી એક વિધર્મી ગેંગ છે. ગેંગમાં 5 સભ્યો છે. તેઓ બે રિક્ષા રાખે છે અને ગેંગમાં એક મહિલા છે. મહિલા સાથે શહેરમાં રિક્ષા લઈ ફરે છે. ગ્રાહક પાસે પૈસા હોવાનું માલમ પડતા તેઓ તેને રિક્ષામાં બેસાડી લે છે. ઉતારતી સમયે મહિલા મારું પર્સ ખોવાયું છે તમે લીધું કહી નાટક બાજી શરૂ કરે છે. સાથે સાથે પેસેન્જરને તમે લીધું હોઈ તો આપી દો કહી 200 રૂપિયા સામે આપે છે. બાદમાં પેસેન્જર સાથે ઝઘડો કરી પૈસા કાઢી ભાગી છૂટે છે.

## એક વખતની ચોરી માફ કરી તો નોકરાણીએ ફરી ચોરી કરી

**NGOમાં** સેવા આપતાં પાર્લે પોઈન્ટના વરિષ્ઠ વૃદ્ધાને માનવતાનું પગલું ભારે પડ્યું

સુરતઃ પાર્લે પોઈન્ટ વિસ્તારમાં 61 વર્ષીય વૃદ્ધા સાથે ઘરકામ માટે રાખેલી મહિલાએ વિશ્વાસઘાત કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોકરાણીએ ત્રણ વર્ષ દરમિયાન ઘરમાલિકાના રોકડા રૂપિયા અને કિંમતી ચીજવસ્તુઓ ચોરી કરી લીધી હોવાનું બહાર આવ્યું છે.

ઉમરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલી ફરિયાદ મુજબ , પાર્લે પોઈન્ટ અંબિકાનિકેતન મંદિર પાસે પ્રાર્થના એપાર્ટમેન્ટમાં રહેતા 61 વર્ષીય ઉષાબેન રમાકાંત સુરેકા એક એનજીઓમાં સેવા આપે છે તથા ક્યારેક ઓનલાઇન ડેટા એન્ટ્રીનું કામ પણ કરે છે. ઉષાબેને 2021ના ઓગસ્ટ મહિનામાં ઘરકામ માટે હિના મનોજભાઈ પટેલ (રહે. અંબિકાનિકેતન મંદિર પાસે, અઠવાલાઇન્સ)ને માસિક રૂ.2,500ના પગારથી કામે રાખી હતી. શરૂઆતમાં હિના નિયમિત રીતે કામ કરતી હતી, પરંતુ ઓક્ટોબર-2021માં ઉષાબેનના ઘરે મંદિરમાં મુકેલા રૂ.40,000 રોકડમાંથી રૂપિયા ગાયબ થવા લાગ્યા. શરૂઆતમાં ઉષાબેનને લાગ્યું કે રૂપિયા પોતે જ વાપરી નાંખ્યા હશે, પરંતુ પછી ફરી ચેક કરતાં બાકી રહેલી રકમ પણ ગાયબ જણાતાં શંકા વધી હતી. હિનાને પૂછતાં તેણીએ પૈસા ચોરી કર્યાની કબુલાત કરી હતી અને થોડી રકમ પરત આપવાનો વાયદો કર્યો હતો. જેને કારણે ઉષાબેને માનવતા રાખી તેને નોકરીએ પરત રાખી હતી પરંતુ આ માનવતાનો દુરુપયોગ કરી હિના ફરીથી ચોરી કરતી રહી. જાન્યુઆરી 2025 સુધીમાં તેણે કુલ રૂ.1,08,000 રોકડ ઉપરાંત એપલ કંપનીનું ગ્રે કલરનું આઈપેડ, 2006માં ખરીદેલો કેનન કેમેરો, સોનાના બે કડા, ચાંદીના વાસણો અને બે સાડી ચોર્યા હતા. હિનાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ઉષાબેને શરૂઆતમાં ફરિયાદ ન કરી, પરંતુ છેલ્લા કેટલાય મહિના બાદ પણ રકમ અને ચીજવસ્તુઓ પરત નહીં આપતાં અંતે ઉમરા પોલીસે હિના મનોજભાઈ પટેલ સામે નોકરચોરીનો ગુનો નોંધ્યો છે.

## જૂની સબજેલ, ચામુંડા હોટલનો 200 મીટર માર્ગ એક માસ બંધ

**મેટ્રો** કામકાજને લઈ રાત્રિ દરમિયાન મજૂરાગેટ ઓવરબ્રિજ માર્ગ બંધ રહેશે

**વાહનચાલકોએ** ડાયવર્ઝન સાથે કરાયેલી વ્યવસ્થાનો ઉપયોગ કરવા અપીલ

સુરત : શહેરમાં મેટ્રો પ્રોજેક્ટનું કામકાજ તીવ્ર ગતિએ ચાલી રહ્યું છે. આ કામગીરી લઈ શહેરના બે માર્ગ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં જુની સબ જેલ સામે ચામુડા રેસ્ટોરન્ટથી સોની TV શોરૂમ સુધીનો અંદાજે ૨૦૦ મીટર વિસ્તાર ૧ નવેમ્બર ૨૦૨૫થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સંપૂર્ણપણે વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આ નિર્ણયથી મેટ્રો સ્ટેશનનું કામ સુરક્ષિત રીતે અને સમયસર પૂર્ણ થઈ શકે, તે હેતુ છે. તદુપરાંત, ફેઝ-૧ના કાદરશાની નાળથી ખજોદ ડ્રીમ સીટી વચ્ચેના માર્ગ પર આવેલા મજુરાગેટ ઓવરબ્રિજ ઉપર મેટ્રો રેલના ગર્ડર તથા સ્લેબ ચડાવવાની અગત્યની કામગીરી શરૂ થવાની છે. તા. ૩ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધી દરરોજ રાત્રે ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધી હાથ ધરાશે. આ સમય દરમિયાન મજુરાગેટ ઓવરબ્રિજ બંને તરફથી વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. ટ્રાફિક પોલીસ વિભાગે સ્થળ પર જરૂરી ડાયવર્ઝન વ્યવસ્થા ગોઠવી છે અને નાગરિકોને વિકલ્પિક માર્ગો અપનાવવા વિનંતી કરી છે.

## કતલખાને લઈ જવાતા 9 પાડાને મુક્ત કરાવાયા

સુરતઃ અમરોલી વેદાંતા એન્ટીલામાં રહેતા અને અગ્નિવીર ફાઉન્ડેશનના સુરક્ષા કાર્યકર તરીકે કામ કરતાં 39 વર્ષીય ચિરાગભાઈ સુરેશભાઈ ત્રિવેદીએ અમરોલી જકાતનાકા પાસે ટેમ્પો (રજી. નં. GJ-15-AT-5680)ને રોક્યો હતો. પશુઓને પાણી કે ઘાસચારો વિના કઠોર રીતે ભરીને લઈ જવાતા હોવાથી ચિરાગભાઈએ ટેમ્પોચાલકની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ સમીર મહેમુદ શેખ (ઉ.વ.25, રહે.રજાનગર ઝુપડપટ્ટી, ભાઠેના) જણાવ્યું હતું. ટેમ્પો ચાલકે વધુમાં કહ્યું કે તે સલાબતપુરા કિન્નરી ખ્વાજા નગરમાં રહેતા અને કતલખાનામાં કામ કરતા સમીર નામના ઈસમને પશુઓ વેચવા જઈ રહ્યો હતો. પોલીસે નવ ભેંસના પાડા તથા ટેમ્પો સાથે ચાલક સમીર મહેમુદ શેખની ધરપકડ કરી હતી.

## મિત્રની હત્યાના આરોપીને જામીન આપવા કોર્ટની ના

**પૈસાની** લેતીદેતીમાં મિત્રનું ઢીમ ઢાળ્યું હતું, પત્નીના લકવાની સારવાર માટે વચગાળાનાં જામીન માંગ્યાં હતાં

સુરતઃ અલથાણ વિસ્તારમાં થોડા મહિનાં પહેલાં પૈસાની ઉઘરાણીના વિવાદમાં મિત્રની હત્યા કરનારાની 30 દિવસના વચગાળાના જામીનની માંગણી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

મળતી માહિતી અનુસાર, આભવાગામ ગણેશ ફળિયામાં રહેતા નાનુ ડાહ્યા પટેલ અને પ્રદીપ ઉર્ફે સેન્ડી વચ્ચે લાંબા સમયથી મિત્રતા હતી. નાનુ પટેલે પ્રદીપ પાસેથી 50,000 ઉછીના લીધા હતા. પરંતુ બાદમાં પૈસા પરત નહીં આપતાં પ્રદીપે ઉશ્કેરાટમાં પોતાના મિત્રો શુભમ પ્રેમનાથ દુબે ઉર્ફે દામોદર અને સુનિલસિંહ ઉર્ફે ટાઈગર રાણાપ્રતાપસિંહ રાજપૂતની મદદથી નાનુ પટેલની હત્યા કરી નાંખી હતી. આ કેસમાં પ્રદીપ હાલમાં જેલમાં બંધ છે. પ્રદીપે વકીલ મારફતે અરજી કરી હતી કે તેની પત્ની વર્ષ 2023થી લકવાગ્રસ્ત છે અને તેના પરિવારની દેખરેખ માટે કોઈ નથી. તેથી તેની તબીબી સારવાર અને નાણાકીય વ્યવસ્થા માટે તેને 30 દિવસના વચગાળાના જામીન આપવામાં આવે. મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ આ અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે પ્રદીપની પત્નીના નિવેદન મુજબ તેને લકવો 12 વર્ષ પહેલાં થયો હતો અને હાલ તે ઠીક છે. તેણે છેલ્લા એક વર્ષથી કોઈ સારવાર લીધી નથી. તેથી આરોપીની હાજરીની જરૂર નથી અને તે ભાગી જવાની શક્યતા પણ છે.

## સચિનમાં નોકરીની શોધમાં નીકળેલા ત્રણ સંતાનના પિતાનું અકસ્માતમાં મોત

સુરત : મૂળ ઉત્તરપ્રદેશ બનારસના વતની અને હાલમાં સચિન કનકપુર ખાતે આવેલી ક્રિષ્ના સોસાયટીમાં રહેતા 39 વર્ષીય અખિલેશકુમાર આધ્યાપ્રસાદ સિંહ એક પુત્રી અને બે પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. અખિલેશકુમાર હાલ નોકરીની શોધમાં હતા. સોમવારે બપોરે અખિલેશકુમાર સાયકલ પર ભાટીયા ગામથી ડિંડોલી તરફ જતા ડીલેવરી કંપની પાસેથી પસાર થતા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે અખિલેશકુમારની સાયકલને અડફેટે લેતા ગંભીર ઈજાને પગલે તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.

## હોલ માર્કિંગ અને GSTમાં નોંધાયેલા જ TRQને પાત્ર

**ભારત-યુએઈ** સીઈપીએ હેઠળ સોનાની આયાત માટે DGFTએ BIS-લિંક્ડ ટીઆરક્યુ સુધારા રજૂ કર્યા

સુરતઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ ભારત-UAE કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) હેઠળ સોનાની આયાત માટે ટેરિફ રેટ ક્વોટા (TRQ) મિકેનિઝમમાં વ્યાપક સુધારા રજૂ કર્યા છે.

સુધારેલા ધોરણો હેઠળ, ફક્ત ભારતીય માનક બ્યુરો (BIS)માં હોલમાર્કિંગ માટે નોંધાયેલા અને માન્ય GST નોંધણી ધરાવતા ઝવેરીઓ જ TRQ ફાળવણી માટે અરજી કરવા પાત્ર રહેશે.

પહેલી વાર, સરકાર સ્પર્ધાત્મક ઓનલાઈન બિડિંગ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા TRQ ફાળવણી કરશે, જે અગાઉની વિવેકાધીન ફાળવણી પદ્ધતિને બદલે છે. TRQ અરજીઓ સબમિટ કરવા માટેની સમયમર્યાદા અને બિડિંગ પ્રક્રિયાની વિગતો દર વર્ષે DGFT દ્વારા અલગથી સૂચિત કરવામાં આવશે. વધુમાં, DGFTએ CEPA હેઠળ TRQ ફાળવણી માટે અગાઉ અરજી કરનારાઓને ચૂકવવામાં આવેલી અરજી ફીના રિફંડની મંજૂરી આપી છે, પછી ભલે તેમને ક્વોટા ફાળવવામાં આવ્યા હોય કે નહીં. અરજદારો હવે તેમની અરજીઓ "બંધ" તરીકે ચિહ્નિત થયા પછી DGFT પોર્ટલ દ્વારા રિફંડ માંગી શકે છે. BIS-લિંક્ડ પાત્રતા, ઓનલાઈન બિડિંગ અને રિફંડ જોગવાઈનું સંયોજન CEPA હેઠળ ભારતના સોનાની આયાત માળખાને વધુ કાર્યક્ષમ અને સમાન બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.

## જૂના જમાનાની નોટના શોખીન આધેડ ફિલ્મ જોતાં જોતાં ઢળી પડ્યા

સુરતઃ જુના જમાનાની નોટના શોખીન આધેડ બદ્રી સિનેમામાં ફિલ્મ જોતાં જોતાં જ ઢળી પડી મોતને ભેટ્યા હતા.

દિલ્હી ગેટ સિનેમા રોડ ખાતે બદ્રી સિનેમામાં સોમવારે રાત્રે એક 55 વર્ષીય વ્યક્તિ મૂવી જોવા માટે આવ્યા હતા. દરમિયાન તેઓ મૂવી જોતાં જોતાં અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી સિનેમા જોવા આવેલા અન્ય વ્યક્તિએ 108 એમ્બ્યુલન્સને જાણ કરતા 108 દ્વારા તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. વધુમાં તેમની પાસેથી પોલીસને ફૂટપાથ પર વેચાતી જૂના જમાનાની નોટો પણ મળી આવી છે. તેમને મૂવી જોવાનો શોખ હતો. હાલતો મહિધરપુરા પોલીસ તેમના પરિવારની શોધખોળ કરી રહી છે.